જય શ્રી મોમાઈ માતાજી સત્ય છે.

## ॥ શ્રી મોમાઈ ચાલીસા ॥




મોમાઈ નમું હું માઁ કુળદેવી
અમ પર કૃપા તમારી એવી
આપ દયાળુને મહાદાની
જય જય જય મોમાઈ કલ્યાણી
દ્વાર ઉગમણે માવડી બેઠી
સાર – સંભાળ માઁ સહુની લેતી
કુળ ઉજળા પરિવારે પૂજાણી
જય જય જય મોમાઈ કલ્યાણી
મૂર્તિ સ્વરૂપ સદા સુહાવો
ગોડી પોઠીને પ્રેરણા પઠાવો
અનહદ શક્તિ સહુએ વખાણી
જય જય જય મોમાઈ કલ્યાણી
વસ્ત્ર લાલ કમળ ફૂલ હાથે
ચાર ભૂજામાં મુકુટ માથે
આંખે અમી નીત હરખાણી
જય જય જય મોમાઈ કલ્યાણી
મઢ માવડીનું મંદિર ચોકે
લોક આવે છે દર્શન થોકે
મૂર્તિ સ્વરૂપ સિંદૂરની દીપદાની
જય જય જય મોમાઈ કલ્યાણી
પાય વડી જો વિનવે વાણી
ભાવ પ્રમાણે ભજતા ભાવે

અન્ન દાનની દેનાર દેખાણી
જય જય જય મોમાઈ કલ્યાણી
નવરાત્રી આઠમ અજવાળી
ધુણે ભુવા હાક – ડાક વગાડી
ચઢે નૈવદ શ્રીફળ અનુષ્ઠાની
જય જય જય મોમાઈ કલ્યાણી
ભુલી મારગ કોઈ અવળા ભાગે
પાય પડી પ્રયશ્ચિત માંગે
થાય દયા સુધરે જીંદગાની
જય જય જય મોમાઈ કલ્યાણી
વાંઝ વનિતા તુજને પુજે
રમે બાળક માઁ એની કુખે
ભાઈ – ભગીનીની જોડી ભવાની
જય જય જય મોમાઈ કલ્યાણી
વંશ – વૃધ્ધિ, યશ – કિર્તી આપે
જો નવરાત્રીમાં નિત જાપે
ટળે વિપત નિરભય નિરવાણી
જય જય જય મોમાઈ કલ્યાણી
મોમાઈ ચાલીસા જે કોઈ ગાશે
રોગ રીપુ, દુઃખ દારીદ્ર જાશે,
સુખ સંપત્તિ સન્મતિ મળવાની
જય જય જય મોમાઈ કલ્યાણી

ઓમ નમઃ શ્રી મોમાઈ શરણં મમઃ

•••


Tejas R. Thakkar
(M) 92228172571, 9510247686
Website: www.tejasthakkar.com

Email : tejasrthakkar@gmail.com

# જય શ્રી મોમાઈ માતાજી સત્ય છે.

## ॥ શ્રી મોમાઈ પ્રાર્થના ॥



વંદુ પ્રેમ ભાવે મોમાઈ દયાળી
કરો કૃપા તવ ભક્તોની જાણી,
રિધ્ધી સિધ્ધી દે મોમાઈ કૃપાલી,
વંદુ પ્રેમ ભાવે મોમાઈ દયાળી,
જે સ્મરે નિત્ય માત મોમાઈ ને,
સહાય કરવા આવશે માત દોડીને,
સદા થાશે લીલા લહેર ભક્તોને
વંદુ પ્રેમ ભાવે મોમાઈ દયાળી,
ન રાખશો કોઈનો વિશ્ર્વાસ નર-નારી,
સંસાર સાગરમાં નૌકા તારનારી,
વિશ્ર્વાસે પાર મોમાઈ કરનારી
વંદુ પ્રેમ ભાવે મોમાઈ દયાળી,
દીન ભક્તના તમે આધારી,
ભક્તિમાં વિઘ્ન કરનારને દો સંહારી,
ભક્તોની વિનંતી કાને ધરનારી,
વંદુ પ્રેમ ભાવે મોમાઈ દયાળી,
નમું નમું કુળદેવી નમું વિશ્ર્વ જનની માત,
ભક્ત કે મંગલ કરને દોડી આવી માઁ સાક્ષાત.
ઓમ નમઃ શ્રી મોમાઈ શરણં મમઃ

●●●